**ડી-સેગના કરારીય માનવબળના નામાભિધાન, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને મહેનતાણાના દરમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક: TDD/MISC/e-file/25/2024/0381/P
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૫/૦૧/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:વકય/૨૦૧૫/૩૦/ઘ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૬/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:વીકેવાય/૧૦૨૦૧૬/૧૮૪/ઘ.

(૩) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગરનો તા.૦૬/૦૩/૨૦૨૪નો પત્ર ક્રમાંક: DSAG/0007/03/2024.

(૪) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગરનો તા.૨૩/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: DSAG/0041/05/2024.

**<u>પ્રસ્તાવના</u>**

ગુજરાત સરકારશ્રી દ્વારા વનબંધુ કલ્યાણ યોજનાના અસરકારક અમલ માટે તા.૦૫/૦૪/૨૦૦૭ના ઠરાવથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી- સેગ)ની રચના કરવામાં આવેલ છે. આ વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૫ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી વનબંધુ કલ્યાણ યોજનાની વિવિધ કામગીરી કરવા માટે સીનીયર પ્રોજેક્ટ મેનેજરની ૭ જગ્યાઓ, પ્રોજેક્ટ મેનેજરની ૨૭ જગ્યાઓ, આસીસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજરની ૧૩ જગ્યાઓ, જુનીયર સીસ્ટમ મેનેજરની ૧ જગ્યા, સીનીયર એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને સ્ટેનોગ્રાફર (English)ની ૧ જગ્યા, એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ/ મલ્ટી પર્પઝ વર્કર/ ડેટા એંટ્રી ઓપરેટરની ૪ જગ્યાઓ તથા ઓફીસ આસીસ્ટન્ટ (આઉટસોર્સ)ની ૩ જગ્યાઓ કરારના ધોરણે મંજુર કરવામા આવેલ છે. ઉક્ત ઠરાવને ૧૦ વર્ષ જેટલો લાંબો સમય થયેલ હોઈ તથા ડી-સેગની કામગીરીના ભારણમાં વધારો થયેલ હોઈ, ઉક્ત સ્ટાફના નામાભિધાન, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને તેઓના મહેનતાણાના દરમાં સુધારો કરવા તથા સ્ટાફની સંખ્યામાં વધારો કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૩) તથા (૪) પરના પત્રોથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર દ્વારા આ યોજનાના ઠરાવમાં સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ :-</u>**

પુખ્ત વિચારણાને અંતે, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)ના માનવબળના નામાભિધાન, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને તેના મહેનતાણાના દરમાં નીચેના કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે અને નીચેની શરતોએ આધીન આથી સુધારો કરવામાં આવે છે. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)ના તા.૦૫/૦૧/૨૦૧૫ થી ઠરાવેલ નામાભિધાન - આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજરને બદલે એસોસિયેટ પ્રોજેક્ટ મેનેજર, સીનીયર એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ અને સ્ટેનોગ્રાફર (English) ને બદલે સીનીયર એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ / PA to VC & PA to CEO, D-SAG, એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ/ મલ્ટી પર્પઝ વર્કર/ ડેટા એંટ્રી ઓપરેટરને બદલેએક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ / ડેટા એંટ્રી ઓપરેટર અનેઓફીસ આસીસ્ટન્ટ (આઉટસોર્સ)ને બદલે પ્યુન એ પ્રમાણે નામાભિધાન રહેશે તથા આ વિભાગના તા.૦૬/૦૬/૨૦૧૬ ના વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેન્ટર યોજના અંગેના વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી દરેક આદિજાતિ જિલ્લા દીઠ - ૦૧ વ્યકિત એમ નિયત થયેલ કુલ ૧૪ વ્યક્તિના બદલે "આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર" એ પ્રમાણે નામાભિધાન રહેશે.

| Sr No | Designation | Educational Qualification | Experience | Revised Remuneration (Annual/Monthly) (Rs.) |
|---|---|---|---|---|
| 1 | Senior Project Manager | Sector Expert<br><br>Post Graduate in Agriculture/ Animal Husbandry/ Veterinary Science/Rural/ Forest Management / MBA/MSW/M.E. (Any) | 7 Years | 9 lakhs<br>(75000/PM) |
| 2 | Project Manager | Sector Expert<br><br>Graduate in Agriculture / Animal Husbandry / Veterinary Science/Rural/Forest Management / MBA / MSW/B.E.(Any)/ MBA (Finance)/ M. Com / CA/ B.E/B.Tech/MCA/M.Sc. IT or Computer Science/ MBA (Systems or IT) with MCP/CCNA/MCSE certification preferably | 5 Years | 7.20 lakh (60,000/PM) |
| 3 | Associate Project Manager | Graduate in Agriculture / Animal Husbandry / Veterinary Science/Rural/Forest Management / MBA/ MSW/B.E.(Any)/ /B.com./ M. Com/ MBA (Finance) | 3 years | 4.80 lakh (40,000/PM) |
| 4 | Asst. Project Manager | Graduate in Agriculture/Animal Husbandry/Veterinary Science | -- | 3.00 lakh (25,000/PM) |
| 5 | Sr. Executive Assistant / PA to VC & PA to CEO, D-SAG | Any graduate + CCC/ COPA and require typing and shorthand speed with certificate | 3 Years | 3.60 lakh (30,000/PM) |
| 6 | Executive Assistant / Data Entry Operator | Any graduate + CCC/ COPA certificate | 2 years | As per minimum wages (skill category) (Outsourcing) |
| 7 | Peon | SSC | 0-1 year | As per minimum wages (skill category) (Outsourcing) |

2) ડી-સેગના હાલ ફરજ બજાવતા કરારીય માનવબળને તેઓના હોદ્દાને અનુરૂપ સુધારેલા એન્ટ્રી લેવલ પેના લાભો જો તેઓ સુધારેલા માળખા મુજબની ૧. શૈક્ષણિક લાયકાત ૨. અનુભવ અને ૩. સંતોષકારક પર્ફોર્મન્સ ધરાવતા હોય તો જ મળવાપાત્ર થશે અન્યથા તેઓને જુના પે સ્ટ્રક્ચર મુજબના (વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૫ના ઠરાવ મુજબ) લાભો મળવાનું ચાલુ રહેશે. જે અન્વયે ડી-સેગમાં હાલ ફરજ બજાવતા કરારીય માનવબળને સુધારેલ એન્ટ્રી લેવલ પેના લાભો આપવા માટે ડી-સેગની પર્ફોર્મન્સ અપ્રાઇઝલ કમિટી દ્વારા જે-તે કરારીય માનવબળ રીવાઇઝડ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવે છે કે કેમ, તેની સમીક્ષા તથા જે-તે કરારીય માનવબળની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે તથા પર્ફોર્મન્સ અપ્રાઇઝલ કમિટીની ભલામણ / નિર્ણય અનુસાર મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ દ્વારા હાલના હયાત માનવબળને સુધારેલ એન્ટ્રી લેવલ પેના લાભો આપી શકાશે.

3) કોઈ પણ સંજોગોમાં કોઇ પણ હયાત કરારીય માનવબળને એન્ટ્રી લેવલ પેના નોશનલ બેનીફિટ્સ કે એરીયર્સની રકમ મળવાપાત્ર રહેશે નહીં.

4) ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ-૧ થી ૭ મુજબની ભરતી પ્રક્રિયા, લાભો, શરતો, બોલીઓ, જોગવાઇ વિ. ડી-સેગના એચ.આર. મેન્યુઅલ તેમજ ડી-સેગની સક્ષમ સત્તા અને સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને આધીન રહેશે તેમજ દરેક ભરતી પ્રસંગે ડી-સેગની તત્કાલીન જરૂરિયાત મુજબ જે-તે સંબંધિત વર્ટીકલ/સેકટરને અનુરૂપ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોથી આ જગ્યાઓ ભરવાની વાઇસ ચેરમેનશ્રી, ડી-સેગની કક્ષાએથી પૂર્વ મંજૂરી મેળવી, વિવિધ વર્ટીકલ/સેકટરના અનુભવી અને નિષ્ણાંત માનવબળનું યોગ્ય પ્રતિનિધત્વ જળવાઇ તે રીતે જગ્યાઓ ભરવા દરેક ભરતી પ્રસંગે પ્રયત્ન કરવાનો રહેશે.

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તથા નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિશા પટેલ
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી અને ડી-સેગના ચેરમેનશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), કમિશનરશ્રી આ.વિ.ની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી તમામ (ડી-સેગની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Disha R Patel
Section Officer
Date: 2025.06.13
11:41:38 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign